# Bi 121-OLD TESTAMENT

## પાઠ : ૨૩ અરણ્યમાં ઈસ્રાએલીઓ (નિર્ગમન અધ્યાય ૧૫-૧૭)

મરુભૂમિ (અરણ્ય)ની કોઈ બડાઈ કરતુ નથી. અરણ્ય તથા પ્રશ્નો સામાન્ય રીતે આવે છે . આપણા બાળકોમાં પણ આપણે તે જોઈએ છીએ. જયારે કોઈ મુશ્કેલ પરિસ્થિતિ કે પ્રશ્નો આવે તો તેઓ બીજાને તેને માટે જવાબદાર ઠેરવે છે. આ બીજાઓને જવાબદાર ઠરાવવાની રમતની શરૂઆત એદનવાડીમાં થઈ હતી અને આજ સુધી તે હયાત છે.

આજનાં આ પાઠમાં મુસા દવારા આપવામાં આવેલા વચનો બાબતે ઈસ્રાએલીઓની મુસા સામેની ફરીયાદ તથા દોષારોપણ વિશે જોઈશું. હકીકતમાં તો દેવ પોતે તેઓમાં ભુલ શોધતા હતા. મુસાએ તેઓને યાદ અપાવ્યું કે, તેઓ સંપુર્ણપણે ઈશ્વર પર આધિન થવામાં નિષ્ફળ ગયા છે. લાલ સમુદ્ર પાર કર્યા પછી સિનાઈ પર્વત તરફ જતાં મુસા તેઓને ગરમ એવા અરણ્યમાં થઈને ચલાવે છે. ત્રણ દિવસ સુધી પાણી ન મળવાને કારણે તેઓ ખુબ તરસ્યા થયા. અંતે જયારે તેઓ પાણીનાં ઝરા પાસે આવ્યા ત્યારે તે એટલુ કડવુ હત, કે તે પી શકાય નહિ. તેથી લોકોએ મુસાની વિરૂધ્ધમાં બડબડાટ કર્યો અને કહયું અમે શું પીએ ? આથી મુસાએ પાર્થના કરી અને દેવે તેને એક લાકડાનો કટકો બતાવ્યો. મુસાએ તેને પાણીમાં નાંખ્યો અને તરત જ પાણી પીવા લાયક મીઠુ બન્યું. દેવે ઈસ્રાએલીઓને કહય, કે, "જો તમે મારો અવાજ સાંભળશો અને મારી આજ્ઞાઓને કાળજી પૂર્વક પાળશો તો મિસરીઓને થતાં કોઈપણ રોગો હું તમારા પર લાવીશ નહિ. હું યહોવા તમને સાજાપણું આપનાર ઈશ્વર છું."

ઈસ્રાએલીઓ ત્યાંથી આગળ ચાલ્યા અને જયાં ૧૨ પાણીનાં ઝરાઓ અને ૭૦ ખજૂરી હતી ત્યાં તેઓએ છાવણી કરી. એક મહિનો ત્યાં રહયા પછી ફરી સિનાઈ પર્વત તરફ તેઓ આગળ વધ્યા. મુસાફરી દરમિયાન તેઓએ મુસા તથા હારૂનની વિરૂધ્ધ ફરીયાદ કરી અને કચકચ કરતા કહયુ, "જયારે અમે મિસર દેશમાં હતા ત્યારે તો અમને ધરાતાં સુધી રોટલી મળતી, ત્યારે મિસર દેશમાં અમે મૂઆ હોત તો સારું. ભલે અમે દાસ હતા તો પણ અમારી પાસે ઘણું ખાવાનું રહેતુ અને તમે અમને અરણ્યમાં ભૂખે મારવા લાવ્યા છો." ત્યારે દેવે મુસાને કહયું, "મેં લોકોની કચકચ સાંભળી છે. તેઓને કહે કે, હું આકાશમાંથી તેઓને સારુ ખોરાક આપીશ."અને જોઈશ કે લોકો દરરોજ બહાર નીકળે ને તે દિવસનો હિસ્સો ભેગો કરે એ માટે કે તેઓ મારા નિયમ પ્રમાણે ચાલશે કે નહિ તે વિશે હું તેઓની પરિક્ષા કરું.

જયારે ઈસ્રાએલીઓએ ઉપર જોયુ તો દેવનાં ગૌરવને તેમણે વાદળા મધ્યે દીઠું. મુસાએ લોકોને કહયું "તમે મારી કે હારૂનની વિરુધ્ધમાં નહિ પરંતુ દેવની વિરુધ્ધમાં કચકચ કરી છે. તો પણ દેવે તમારુ સાંભળ્ય, છે. તમે સાંજે માંસ ખાશો અને સવારે તમે રોટલીથી તૃપ્ત થશો."

તે સાંજે લાવરીઓએ ઉડી આવીને છાવણીને ઢાંકી દીધી કે જેથી લોકોને ખાવા માંસ

મળે અને સવારે છાવણી આસપાસ ઝાકળ પડયુ અને ઝાકળ ઉડી ગયા પછી જમીન ઉપર હિમ જેવો બારીક નાનો ગોળ પદાર્થ અરણ્યની સપાટી પર પડેલો હતો. ઈસ્રાએલી પુત્રોએ તે જોઈને એકબીજાને પુછયું કે તે શું છે ? તેઓએ તનો સ્વાદ ચાખ્યો. તે ધાણાનાં દાણા જવું શ્વેત હતું અને તેનો સ્વાદ મધ ચોપડેલી પોળીના જેવો હતો. તેને બાફીને કે શેકીને ખાઈ શકાતું. મુસાએ કહયું કે, "ઈશ્વરે તમારે માટે આ ખોરાકરૂપે આપ્યુ છે. સપ્તાહનાં છ દિવસ સુધી આકાશમાંથી તે વરસાવવામાં આવશે. પાંચ દિવસ સુધી તમારે એક વ્યકિતને જેટલુ જોઈએ તે પ્રમાણે જ એકઠુ કરવું. પરંતુ છઠ્ઠા દિવસે બે દિવસ માટે એકઠું કરવું. એ પ્રમાણે તમારે સાબ્બાથનાં દિવસને સારુ ખોરાક એકઠો કરવો. કેમકે, તે સાબ્બાથનાં દિવસે આકાશમાંથી પડશે નહિ."

કેટલાક લોકોએ દેવની સુચનાનો અનાદર કરતા એક દિવસ કરતાં વધારે એકઠું કર્યુ. જે ઓએ વધારે એકઠુ કર્યુ તા બીજે દિવસે તેમાં કીડા પડયા અને વાસ આવી. પરંતુ છઠ્ઠા દિવસે બમણુ એકઠુ કરવા છતાં પણ તેમ થયુ નહિ. સાબ્બાથનાં દિવસે ખાવા માટે તે એટલું જ સારુ હતું. સાબ્બાથનાં દિવસે તે લોકો રોટલી એકઠી કરવા બહાર ગયા પણ તેઓને કશું મળ્યું નહિ. તેઓએ તે રોટલીને 'માન્ના' નામ આપ્યુ જેનો અર્થ છે 'તે શું છે ?' ૪૦ વર્ષ તેઓ અરણ્યમાં રહયા ત્યાં સુધી દેવે માન્નાથી તેઓનું પોષણ કર્યુ.

સિનાઈ પહાડ તરફ મુસાફરી કરતા ઈસ્રાએલી લોકોએ એક નિર્જળ જગ્યાએ પડાવ નાખ્યો. ફરીથી દેવને પોકારવાને બદલે તેમણે મુસાની વિરૂધ્ધ કચકચ કરી. "અમને પીવાને પાણી આપ" તેવી માંગણી કરતા કહયું "શા માટે તું અમને તથા અમારા છોકરાને, તથા અમારા ઢોરઢાંખરને તરસે મારી નાંખવા મિસરમાંથી કાઢી લાવ્યો ?" મુસાએ ઉત્તર આપ્યો, "શા માટે મારી સાથે ઝઘડો કરો છો ? એ તો દેવ તમારી પરિક્ષા કરે છે." પછી મુસાએ દેવને વિનંતી કરી "આ લોકોનું હું શું કરું, કેમકે તેઓ મને પથ્થરે મારવા ચાહે છે." ત્યારે દેવે કહયું, "ઈસ્રાએલનાં કેટલાક વડીલોને લઈને તારા હાથમાં લાકડી લઈને લોકોની આગળ જા. હોરેબ પવત પાસે હું તારી સાથે ઉભો રહીશ. ત્યાં તું તારી લાકડી પર્વતને મારજે અને ત્યાં લોકોને પીવા સારુ પાણી નીકળશે." મુસાએ ઈશ્વરે આપેલી આજ્ઞાને માની અને ખડક પર માર્યુ. પાણીનો ઝરો ફુટી નિકળ્યો અને લોકો તથા ઢોરઢાંખરને પીવા સારુ પુરતુ પાણી મળ્યું. મુસાએ તે જગ્યાનું નામ 'માસ્સાહ' એટલે 'પરિક્ષા' અને 'મરીબાહ' એટલે 'વિદ્રોહ' પાડયું.

એ જ સ્થળે અમાલેકીઓએ તેમના પર હુમલો કર્યો. મુસાએ યહોશુઆને યુધ્ધ કરવા સારુ લોકોને ગોઠવવા જણાવ્યું. મુસા દેવની લાકડા પોતાનાં હાથમાં લઈને પર્વતની ટોચે ઉભો રહયો. જયાં સુધી ઈશ્વરની સ્તુતિ કરતા મુસા પોતાનાં હાથ ઉંચા કરતો અને દેવની સહાયની માંગણી કરતો ત્યારે યહોશુઆ વિજય પામતો. પરંતુ જયારેતેનાં હાથ નીચા કરતો ત્યારે અમાલે કીઓ વિજય પામતા.

મુસા હાથો ઉંચા કરીને થાકયો તેથી તે એક પથ્થર ઉપર બેઠો, ને હારૂન તથા હુર તનો બંને બાજુએ મદદ કરતા ઉભા રહયા. સૂર્યાસ્ત થતાં સુધી તેઆએ તેનાં હાથને ઉંચા રાખ્યા.

અમાલેકીઓ ઉપર યહોશુઆ તે દિવસે વિજયી બન્યો. ત્યારે મુસાએ વેદી બનાવીને તે સ્થળને 'યહોવા-નિસ્સી' નામ આપ્યુ જેનો અર્થ 'યહોવા દેવ વિજય આપે છે'. કેમકે, તેણે તેનાં હાથોને દેવનાં રાજયાસન તરફ ઉંચા પ્રસારેલા હતા.

આ ઘટનામાં એ મહત્વ દર્શાવવામા આવ્યું છે કે, લોકો કેટલા જલદી થી ઈશ્વરે આપેલા વચનને ભુલી જાય છે અને દેવે ભૂતકાળમાં કરેલા વિશ્વાસનાં કાર્યોને પણ ભુલી જાય છે. લોકો પરિસ્થિતિને પોતાનાં હાથમાં લેવાની કોશિશ કરે છે. દેવ ચાહે છે કે તેઓ ગમે તેવી મુશ્કેલ પરિસ્થિતિમાં પણ તમના અધિકારીઓને ઉપર આક્ષેપ ન કરતા તેઓ પર વિશ્વાસ રાખવાનું શીખે.

આ ઘટના એ સચ્ચાઈને દર્શાવે છે કે, "દેવ પોતાનાં વચન પ્રત્યે વિશ્વાસુ છે. તે સારા અને પ્રેમાળ પિતા છે અને આપણાં જીવનોની દરેક પરિસ્થિતિમાં વિશ્વાસ યોગ્ય છે.

આ પાઠનું પુનરાવર્તન કરતા નીચેનાં પ્રશ્નોનાં જવાબ આપો.

પ્ર.૧ જયારે ઈસ્રાએલીઓએ માંસ માટે કચકચ કરી ત્યારે દેવે તેમને માટે શું કર્યુ ?

(જ) (પાંચ સેકંડ માટે થોભો) જો તમારો જવાબ છે કે, તે સાંજે તેમણે લાવરીઓથી છાવણીને ઢાંકી દીધી - તો તમે સાચા છો.

પ્ર.૨ આકાશમાંથી દેવ દ્વારા વરસાવવામાં આવેલી રોટલીનું નામ શું હતું ?

(જ) (પાંચ સેકંડ માટે થોભો) જો તમારો જવાબ છે કે,- રોટલીને 'માન્ના' તરીકે ઓળખવામાં આવ્યું - તો તમે સાચા છો.

પ્ર.૩ અમાલેકીઓ સાથેનાં યુધ્ધ દરમિયાન મુસા પોતાનાં હાથો ઉંચા રાખવા દવારા શું દર્શાવવા માંગતો હતો ?

(જ) (પાંચ સેકંડ માટે થોભો) જો તમારો જવાબ છે કે,- તેનો વિશ્વાસ તેનાં પ્રભ્ માં હતો - તો તમે સાચા છો.

આ વાત જેણે સાંભળી નથી તેવા તમારા મિત્રને જણાવો. તેમને પુછો કે તેમના જીવનની કોઈ પરિસ્થિતિ માટે તેઓને ઈશ્વર સામે કોઈ ફરિયાદ છે. જવાબ સાંભળ્યા પછી તેમની સાથે પ્રાર્થના કરો અને તેમની દુઃખદ પરિસ્થિતિમાં તમારો વિશ્વાસ દેવ પ્રત્યે છે તેમ જણાવો કે જેથી તેમનાં પ્રશ્નનું નિરાકરણ થાય. દેવ પાસે કદી કચકચ કરતાં આવવું નહિ પરંતુ તેને બદલે દેવનો આભાર માનવો.

આ અભ્યાસને તમે ત્રણ વખત સાંભળો તે તમારૂ ગૃહકાર્ય છે. તમારા મનથી દરેક પ્રસંગો વિચારો ત્યાર બાદ જે તમને યાદ રહયુ તે તમારા શબ્દોમાં વર્ણવો. આ ઘટનાઓ અને બનાવોને સાચી રીતે બીજાને કહી શકો ત્યાં સુધી બરાબર સાંભળો. લગભગ ૪૫ મિનિટ સુધી આ સાંભળવાનું ચાલુ રાખો. તમે કોઈક વ્યકિતને આ બાબત કહી શકવા માટે બીજા વ્યકિતની તમને જરૂરત પડશે. પુનરાવર્તનનાં પ્રશ્નો તમારા મિત્રોને પુછો અને સાંભળ્યા પછી તેમના જવાબો આપો.